# LAW
## PAPER-II
## AUG-17/16

Name & Signature of the Invigilator

..............................................

..............................................

OMR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

(in figures as in Hall Ticket)

Roll Number in words : ..........................................

...................................................................................

**Time : 1.15 Hours]** **No. of Printed Pages : 28** **[Maximum Marks : 100**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of fifty (50) multiple choice type of questions. All questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   **Example :** (A) ● (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
10. Use only Blue/Black Ball point pen.
11. Use of any calculator or log table etc., is prohibited.
12. There shall be no negative marking.
13. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા **પચાસ (૫૦)** પ્રશ્નો આપેલા છે. **બધાજ** પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવરપૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/પૃષ્ઠો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછી થી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં ઓવલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.
   **ઉદાહરણ :** (A) ● (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો ના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર–II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મુલ્યાંકન કરવામાં આવશે નહીં
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અન્તિમ પૃષ્ઠ પર કરવું.
8. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિન્હકે જેનાથી તમારી ઓળ ખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમ કે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
9. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષાખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
10. માત્ર કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
11. કેલ્ક્યુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
12. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
13. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

## LAW
## PAPER - II

## કાયદો
## પેપર–II

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice assertation/reasoning/matching questions, each question carries **TWO (2)** marks. Attempt **All** questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. "The Supreme Court has directed the Government to take a fresh look at art. 44 of the constitution which enjoins the state to secure a uniform civil code, which according to the court is imperative for both protection of the oppressed and promotion of National Unity and Integrity." The above direction has been given in one of the following case :

   (A) Sarla Mudgal *Vs.* Union of India

   (B) Noor Saba Khatoon *Vs.* Mohd. Quasim

   (C) Danial Latif *Vs.* Union of India

   (D) John Vallamatton *Vs.* Union of India

1. નીચેના પૈકી ...... કેસમાં બંધારણનાં અનુ. 44 કે જેમાં સમાન નાગરિક ધારો ઘડવાની રાજયને આજ્ઞા કરવામાં આવી છે અને જે અદાલતના મતાનુસાર પીડીતોનાં રક્ષણ તેમજ રાષ્ટ્રીય એકતા અને અખંડીતતા બન્ને માટે આદેશક છે તેમાં સર્વોચ્ચ અદાલતે સરકારને નવેસરથી દૃષ્ટિપાત કરવાનો નિર્દેશ કર્યો છે :

   (A) સરલા મુદગલ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

   (B) નુર શબા ખાતુન વિ. મોહમ્મદ કાસિમ

   (C) ડાનિયલ લતિફ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

   (D) જ્હોન વેલ્લામેટોન વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

2. "The power of the president under Art. 356 is a Constitutional power and is not an absolute power. The existence of material is a pre condition to form the satisfaction to impose the president rule". The Supreme Court has laid down the above guideline in one of the following case :

(A) State of Rajasthan *Vs*. Union of India

(B) S.R. Bommai *Vs*. Union of India

(C) Rameshwar Prasad *Vs*. Union of India

(D) Sarbananda Sonowal *Vs*. Union of India

3. Read the Assertion (A) and Reason (R). Find the *correct* answer using the codes given below :

**Assertion (A) :** In human and barbarious treatment of the prisoners is a constitutional prohibition.

**Reason (A) :** Human rights jurisprudence in India has constitutional status.

*Codes* :

(A) (A) is correct but (R) is wrong

(B) (A) is incorrect but (R) is correct

(C) Both (A) and (R) are correct

(D) Both (A) and (R) are incorrect

2. ''અનુચ્છેદ 356 હેઠળ રાષ્ટ્રપતિની સત્તા એ બંધારણીય સત્તા છે અને તે સંપુર્ણ સત્તા નથી. રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની સંતુષ્ટી માટે વાસ્તવિક તથ્ય–હકિકતોનું અસ્તીત્વ હોવું એ પૂર્વ–શરત છે.'' નીચેના પૈકી .......... કેસમાં સર્વોચ્ચ અદાલતે ઉપરોક્ત માર્ગદર્શક સિદ્ધાંત રજુ કર્યો.

(A) સ્ટેટ ઓફ રાજસ્થાન વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

(B) એસ.આર. બોમ્મઈ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

(C) રામેશ્વરપ્રસાદ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

(D) સર્બાનંદ સોનોવાલ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

3. નિશ્ચય કથન (A) અને કારણ (R) વાંચો. નીચે જણાવેલ કોડનો ઉપયોગ કરી સાચો જવાબ શોધો :

**નિશ્ચય કથન (A) :** કેદીઓ સાથે અમાનવિય અને બર્બર (ક્રૂર) વર્તાવ એ બંધારણીય પ્રતિષેધ છે.

**કારણ (R) :** ભારતમાં માનવ અધિકારોનાં ન્યાયશાસ્ત્રનો બંધારણીય દરજ્જો છે.

કોડ :

(A) (A) સાચું છે પણ (R) ખોટું છે

(B) (A) સાચું નથી પણ (R) સાચું છે

(C) (A) અને (R) બન્ને સાચાં છે

(D) (A) અને (R) બન્ને સાચાં નથી

4. Under the clemency powers, the punishment awarded through a judgement is not over-ruled but the convict gets the benefit of a liberalised policy of a state pardon. Therefore the pardening power can be exercised by the president :

(A) Only before the trial
(B) Only during the trial
(C) Only after the trial
(D) Before, during or after the trial

4. મૂળ સત્તાઓ હેઠળ ચૂકાદા દ્વારા શિક્ષાનું ફરમાન નામંજૂર થતું નથી પરંતુ ગુનેગારને રાજ્યની માફી આપવાની ઉદારી નીતિનો લાભ મળે છે. એટલાં માટે રાષ્ટ્રપતિ દ્વારા શિક્ષા માફ કરવાની સત્તાનો ઉપયોગ ........ કરી શકાય છે.

(A) અદાલતી કાર્યવાહી પહેલાં જ
(B) અદાલતી કાર્યવાહી દરમ્યાન જ
(C) અદાલતી કાર્યવાહી પછી જ
(D) અદાલતી કાર્યવાહી પહેલાં, દરમ્યાન અથવા પછીથી

5. Right to privacy is available even to a woman of easy virtue and no one can invade her privacy. The Supreme Court has held that right to privacy is :

(A) a fundamental right without any restriction
(B) a fundamental right and an absolute right
(C) a fundamental right under Art. 21 and not an absolute right
(D) a fundamental right with restrictions classified

5. એકાંતતાનો અધિકાર એ સાદુ ચારિત્ર્ય ધરાવતી સ્ત્રીઓને પણ ઉપલબ્ધ છે અને તેણીનાં એકાંતપણામાં કોઈપણ વ્યક્તિ દખલ કરી શકે નહીં. સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે કે આવો એકાંતતાનો અધિકાર ....... .

(A) કોઈપણ બંધન વિનાનો એક મૂળભૂત અધિકાર છે
(B) એક મૂળભૂત અધિકાર અને સંપૂર્ણ અધિકાર છે
(C) અનુ. 21 હેઠળ મૂળભૂત અધિકાર છે અને તે સંપૂર્ણ અધિકાર નથી
(D) વર્ગીકૃત નિયંત્રણો સહિત મૂળભૂત અધિકાર છે

6. An order of the Supreme Court under Art. 141, 142 and 144 is binding on High Court and if it is flowted by the **High Court** it is :

(A) Not open to Supreme Court to initiate contempt

(B) Open to Supreme Court to initiate contempt

(C) Open to Supreme Court to advice the erring judges

(D) Open to Supreme Court to conduct an in-house enquiry

7. In order to revitalise the Panchayat Raj institutions and urban local bodies, parliament enacted :

(A) The Constitution 69th and 70th Amendment Act

(B) The Constitution 44th and 45th Amendment Act

(C) The Constitution 73th and 74th Amendment Act

(D) The Constitution 42nd and 43rd Amendment Act

6. અનુ. 141, 142 અને 144 હેઠળ સર્વોચ્ચ અદાલતનો હુકમ વડી અદાલતોને બંધનકર્તા છે અને જ્યારે વડી અદાલત દ્વારા તેને અનુસરવામાં ન આવે ત્યારે :

(A) તિરસ્કારની કાર્યવાહી શરૂ કરવા માટે સર્વોચ્ચ અદાલત સ્વતંત્ર નથી

(B) તિરસ્કારની કાર્યવાહી શરૂ કરવા માટે સર્વોચ્ચ અદાલત સ્વતંત્ર છે

(C) ભૂલકર્તા ન્યાયાધિશોને સલાહ આપવા માટે સર્વોચ્ચ અદાલત સ્વતંત્ર છે

(D) બંધ બારણે તપાસ ચલાવવા માટે સર્વોચ્ચ અદાલત સ્વતંત્ર છે

7. પંચાયતી રાજ સંસ્થાઓ અને સ્થાનિક મંડળોનું પુનરૂત્થાન કરવા માટે સંસદે ........ ઘડયો.

(A) બંધારણ 69 મો અને 70 મો સુધારો ધારો

(B) બંધારણ 44 મો અને 45 મો સુધારો ધારો

(C) બંધારણ 73 મો અને 74 મો સુધારો ધારો

(D) બંધારણ 42 મો અને 43 મો સુધારો ધારો

8. The 42nd amendment of the Constitution which laid down ten fundamental duties by adding :

(A) Part V-A to the Constitution

(B) Part IV-A to the Constitution

(C) Part IV-B to the Constitution

(D) Part IV-C to the Constitution

9. Austin's definition of law may be true of a :

(A) Modern democratic country

(B) Monarchical police state

(C) Parliament form of Government

(D) Intensive form of Government

10. The land or immovable property for the beneficial enjoyment of which the right exists is called :

(A) Servient heritage

(B) Dominant heritage

(C) Dominant owner

(D) Servient owner

8. .......... ને ઉમેરીને બંધારણનાં 42 માં સુધારાથી દસ (10) મૂળભૂત ફરજો નિયત કરવામાં આવી :

(A) બંધારણમાં પ્રકરણ V-A

(B) બંધારણમાં પ્રકરણ IV-A

(C) બંધારણમાં પ્રકરણ IV-B

(D) બંધારણમાં પ્રકરણ IV-C

9. ઓસ્ટીને આપેલી કાયદાની વ્યાખ્યા મુજબ નીચે પૈકી કયું સાચું છે?

(A) આધુનિક લોકશાહી દેશ

(B) રાજાશાહી પોલિસ રાજ્ય

(C) સંસદીય સ્વરૂપની સરકાર

(D) સઘન સ્વરૂપવાળી સરકાર

10. જમીન કે સ્થાવર મિલકતના લાભદાયી વપરાશ કે ઉપયોગ માટેના હકકને .......... કહે છે.

(A) અનુસેવી મિલકત

(B) અધિષ્ઠાયી મિલકત

(C) અધિષ્ઠાયી માલિક

(D) અનુસેવી માલિક

11. Which of the following statements is *not true* about the concept of ownership propounded by Hibbart ?

(A) Right of using the thing

(B) Excluding others from using it

(C) Not to dispose of the thing

(D) Destruction of the thing

12. Positive law is called positive because it is :

(A) Made as a result of divine providence

(B) Made as a result of collective effort

(C) Followed by everybody

(D) Made by a person in authority

13. Ownership to patent, copyright, trademarks and right to an easement is called :

(A) Corporeal ownership

(B) Incorporial ownership

(C) Equitable ownership

(D) Contingent ownership

11. હિબર્ટે આપેલા માલિકીના ખ્યાલ માટે નીચે પૈકી કયુ વિધાન સાચું નથી :

(A) વસ્તુ વાપરવાનો અધિકાર

(B) બીજાને વસ્તુ વાપરવાના અધિકારથી વંચિત રાખવું

(C) વસ્તુનો નાશ કરી શકાય નહીં

(D) વસ્તુનો નાશ કરી શકાય

12. આજ્ઞાત્મક કાયદો એ આજ્ઞાત્મક છે કારણ કે :

(A) તે દૈવી કૃપાના પરિણામે બન્યો છે

(B) તે સંયુક્ત પ્રયત્નોથી બનેલો છે

(C) બધાજ અનુસરે છે

(D) સત્તાધિશ દ્વારા બનાવેલ છે

13. પેટન્ટ, કોપી રાઈટ, ટ્રેડમાર્ક અને સુખાધિકારના માલિકી હકકને ......... કહેવાય.

(A) મૂર્ત માલિકી

(B) અમૂર્ત માલિકી

(C) સમન્યાયી માલિકી

(D) આકસ્મીક માલિકી

14. Who among the following thinkers divided the sources of law into formal source and material source ?

(A) Salmond

(B) Keeton

(C) Gray

(D) Allen

14. નીચેના પૈકી કયા ચિંતકે કાયદાના સ્ત્રોતનું ઔપચારિક અને સામગ્રી જનક સ્તોત્રમાં વિભાજન કર્યું છે?

(A) સાલ્મન્ડ

(B) કીટોન

(C) ગ્રે

(D) એલન

15. U.N. Commission on Human Rights was established in :

(A) February, 1946

(B) April, 1956

(C) November, 1971

(D) March, 1975

15. માનવ અધિકારો પર યુ.એન. કમીશનની સ્થાપના ......... માં થઈ.

(A) ફેબ્રુઆરી, 1946

(B) એપ્રિલ, 1956

(C) નવેમ્બર, 1971

(D) માર્ચ, 1975

16. The "League of Nations" was established :

(A) on January 10, 1920

(B) on March 15, 1936

(C) on April 24, 1956

(D) on November 28, 1973

16. લીગ ઓફ નેશન્સની સ્થાપના ........ દિવસે થઈ.

(A) 10 જાન્યુઆરી, 1920

(B) 15 માર્ચ, 1936

(C) 24 એપ્રિલ, 1956

(D) 28 નવેમ્બર, 1973

17. The Secretary General of the United Nations is appointed :

(A) By the General Assembly on the Recommendation of the Security Council

(B) By the General Assembly on the Recommendation of the International Court of Justice

(C) In a joint session of the Security Council and General Assembly

(D) By the permanent members of the Security Council

18. The main difference between de jure and defacto recognition is that the former is :

(A) Provisional and the latter is definite

(B) Legal while the latter is factual

(C) Informal while the latter is formal

(D) Explicit and the latter is implicit

17. યુનાઈટેડ નેશન્સનાં સેક્રેટરી જનરલની નિમણૂંક ......... થી કરવામાં આવે છે.

(A) સલામતી સમિતિની ભલામણથી મહાસભા દ્વારા

(B) આંતરરાષ્ટ્રીય ન્યાયાલયની ભલામણથી મહાસભા દ્વારા

(C) સલામતી સમિતિ અને મહાસભાની સંયુક્ત બેઠક દ્વારા

(D) સલામતી સમતિનાં કાયમી સભ્યો દ્વારા

18. કાનૂની માન્યતા અને હકીકતમાં માન્યતા વચ્ચે મુખ્ય તફાવત એ છે કે :

(A) પહેલું કામચલાઉ છે અને પછીનું નિશ્ચિત છે

(B) પહેલું કાયદેસર છે અને પછીનું હકીકતલક્ષી છે

(C) પહેલું અનૌપચારિક છે અને પછીનું ઔપચારિક છે

(D) પહેલું સ્પષ્ટ છે અને પછીનું ગર્ભિત છે

19. Given below are the two statements. One labelled as Assertion (A) and the other labelled as Reason (R). Match the correct :

**Assertion (A) :** International Law is not a law.

**Reason (R) :** States do not accept International law.

(A) Both (A) and (R) are true
(B) Both (A) and (R) are false
(C) (A) is true but (R) is false
(D) (A) is false but (R) is true

20. **Assertion (A) :** Human Rights occupy a significant place in the UN charter.

**Reason (R) :** Members of the UN have committed themselves to promote respect for an observance of human rights and fundamental rights.

*Codes* :

(A) Both (A) and (R) are individually true and (R) is the correct explanation of (A)
(B) Both (A) and (R) are individually true, but (R) is not the correct explanation of (A)
(C) (A) is true, but (R) is false
(D) (A) is false, but (R) is true

19. નીચે આપેલા બે વાકયો નિશ્ચય કથન (A) અને કારણ (R) છે સાચુ જોડો :

**નિશ્ચય કથન (A) :** આંતરરાષ્ટ્રીય કાયદો એ કાયદો નથી.

**કારણ (R) :** રાજયો આંતરરાષ્ટ્રીય કાયદાને સ્વીકારતા નથી.

(A) બંને (A) અને (R) સાચા છે
(B) બંને (A) અને (R) સાચા નથી
(C) (A) સાચુ છે પણ (R) ખોટું છે
(D) (A) ખોટું છે પણ (R) સાચું છે

20. **નિશ્ચય કથન (A) :** યુ.એન. ચાર્ટરમાં માનવ અધિકારો મહત્વનું સ્થાન ધરાવે છે.

**કારણ (R) :** માનવ અધિકારો અને મૂળભૂત અધિકારોને ઉત્તેજન આપવા, આદર કરવા અને પાલન કરવા સંયુક્ત રાષ્ટ્રસંઘનાં સભ્યોએ પ્રતિબદ્ધતા વ્યકત કરેલી છે.

કોડ :

(A) બંને (A) અને (R) સ્વતંત્ર રીતે સાચા છે તેમજ (R) એ (A) ની સાચી સમજુતી છે
(B) બંને (A) અને (R) સ્વતંત્ર રીતે સાચા છે પણ (R) એ (A) ની સાચી સમજુતી નથી
(C) (A) સાચુ છે પણ (R) ખોટુ છે
(D) (A) ખોટુ છે પણ (R) સાચુ છે

21. Rules relating to Sapinda relationship are based on :

(A) Principle of endogamy

(B) Principle of exogamy

(C) Principle of polygamy

(D) Principle of monogamy

22. A marriage solemnized between any two Hindus in Violation of Sec. (*iii*) of Hindu Marriage Act, 1955 as to the requirement of age, shall be :

(A) Valid

(B) Invalid

(C) Voidable

(D) Void

23. Remedy of Restitutional of Conjugal Rights is available to :

(A) Wife

(B) Husband

(C) Wife and Husband

(D) Only husband and not wife

21. સપીંડ સંબંધોને લગતા નિયમો .......... ઉપર આધારિત છે.

(A) અંતર્વિવાહનો સિદ્ધાંત

(B) ગોત્રાંતર વિવાહનો સિદ્ધાંત (બહિર્વિવાહ)

(C) બહુપત્નીત્વનો સિદ્ધાંત

(D) એકપત્નીત્વનો સિદ્ધાંત

22. હિન્દુ લગ્નધારો, 1955 ની કલમ (*iii*) ની ઉંમર અંગેની જરૂરિયાતનો ભંગ કરીને બે હિન્દુ વચ્ચેની લગ્નવિધિ :

(A) કાયદેસર રહેશે

(B) ગેરકાયદેસર રહેશે

(C) વ્યર્થનીય રહેશે

(D) વ્યર્થ રહેશે

23. લગ્ન અધિકારોના પુનઃસ્થાપનનો ઉપાય ...... ને મળેલ છે.

(A) પત્ની

(B) પતિ

(C) પત્ની અને પતિ

(D) ફક્ત પતિ પણ પત્નીને નહીં

24. Marriage under Hanafi law must be performed before the following witnesses :

(A) two male or two female witnesses

(B) two male or one male and two female witnesses

(C) two female witnesses

(D) three male witnesses

25. **Assertion (A) :** Bigamous marriage is void under Hindu law.

**Reason (R) :** A child born out of void marriage is legitimate child of his parent.

*Codes* :

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are true but (R) is not the correct explanation of (A)

(C) (A) is true but (R) is false

(D) (A) is false but (R) is true

24. હનાફી કાયદા હેઠળ નીચેના પૈકી ....... સાક્ષીઓની હાજરીમાં લગ્ન થયેલાં હોવા જોઈએ.

(A) બે પુરુષ અથવા બે સ્ત્રી સાક્ષીઓ

(B) બે પુરુષ અથવા એક પુરુષ અને બે સ્ત્રી સાક્ષીઓ

(C) બે સ્ત્રી સાક્ષીઓ

(D) ત્રણ પુરુષ સાક્ષીઓ

25. **નિશ્ચય કથન (A) :** હિન્દુ કાયદામાં દ્વિવિવાહી લગ્ન વ્યર્થ છે.

**કારણ (R) :** વ્યર્થ લગ્નથી જન્મેલ બાળક એ તેના વાલીઓનું કાયદેસર બાળક ગણાશે.

કોડ :

(A) બંને (A) અને (R) સાચા છે અને (R) એ (A) ની સાચી સમજૂતી છે

(B) બંને (A) અને (R) સાચા છે પણ (R) એ (A) ની સાચી સમજૂતી નથી

(C) (A) એ સાચુ છે પણ (R) ખોટું છે

(D) (A) ખોટું છે પણ (R) સાચુ છે

26. Match the item from list I with the item of list II and choose the *correct* answer from codes :

**List I**

(*a*) Seema *Vs.* Ashwin Kumar

(*b*) Harvinder Kaur *Vs.* Harminder Singh

(*c*) Gopala Krishna *Vs.* Mithilesh Kumari

(*d*) Rekha Rani *Vs.* Narinder Mohan

**List II**

(*i*) Nature of Institution of Hindu Marriage

(*ii*) Desertion

(*iii*) Registration of Marriage

(*iv*) Cruelty

*Codes* :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
| (B) | (*iii*) | (*iv*) | (*i*) | (*ii*) |
| (C) | (*iv*) | (*iii*) | (*i*) | (*ii*) |
| (D) | (*ii*) | (*iv*) | (*i*) | (*iii*) |

26. લીસ્ટ I માં આપેલી વિગતોને લીસ્ટ II માં આપેલ વિગતો સાથે જોડો અને કોડની મદદથી સાચો જવાબ શોધો :

**List I**

(*a*) સીમા વિ. અશ્વીન કુમાર

(*b*) હરવિંદર કોર વ. હરમીન્દર સિંગ

(*c*) ગોપાલા કૃષ્ણા વિ. મિથિલેશ કુમારી

(*d*) રેખા રાની વિ. નરિંદર મોહન

**List II**

(*i*) હિન્દુ લગ્ન સંસ્થાનું લક્ષણ

(*ii*) તિરસ્કાર

(*iii*) લગ્નની નોંધણી

(*iv*) ક્રૂરતા

કોડ :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
| (B) | (*iii*) | (*iv*) | (*i*) | (*ii*) |
| (C) | (*iv*) | (*iii*) | (*i*) | (*ii*) |
| (D) | (*ii*) | (*iv*) | (*i*) | (*iii*) |

27. Choose the option which is not appropriately related to the effect of delay or loss of letter of acceptance in postal transit :

(A) The acceptor is not bound by the letter of acceptance till it reaches the offeror

(B) The acceptor can compel the offeror to enforce the contract

(C) The acceptor can revoke his acceptance by communicating his revocation at any time before the letter reaches the offeror

(D) Untill the letter of acceptance reaches the offeror the contract remains valid

28. The inadequancy of consideration will be taken into acocunt by a court of law :

(A) When the promisor performs his promise

(B) When the promisor expresses his desire to get maximum return for his promise

(C) When fraud, coercion or undue influence in the formation of contract is pleaded

(D) Solely at the discretion of the court

27. જ્યારે ટપાલ વહનમાર્ગમાં હોય ત્યારે સ્વીકારના પત્રનો વિલંબ અથવા ગુમ થવાની અસર સાથે યોગ્ય રીતે સંબંધિત ન હોય તેવો વિકલ્પ પસંદ કરો :

(A) જ્યાં સુધી સ્વીકારનો પત્ર દરખાસ્ત કરનારને પહોંચે નહીં ત્યાં સુધી તે સ્વીકારનારને બંધનકર્તા નથી

(B) સ્વીકારનાર દરખાસ્ત કરનારને કરારનું પાલન કરવાની ફરજ પાડી શકે

(C) દરખાસ્ત કરનારને પત્ર મળે તે પહેલાં કોઈપણ સમયે પોતાનાં રદ્દીકરણની જાણ કરીને સ્વીકાર રદ કરી શકે છે

(D) જ્યાં સુધી સ્વીકારનો પત્ર દરખાસ્ત કરનારને પહોંચે નહીં ત્યાં સુધી કરાર કાયદેસર ગણાશે

28. અદાલત અપૂરતા અવેજને ત્યારે ધ્યાનમાં લેશે કે :

(A) જ્યારે વચન આપનાર તેનાં વચનનું પાલન કરે

(B) જ્યારે વચન આપનાર પોતાનાં વચનનાં બદલામાં મહત્તમ બદલો મેળવવાનો ઈરાદો વ્યક્ત કરે

(C) જ્યારે કરારના ઉદભવમાં દગો, બળજબરી અને અયોગ્ય લાગવગની દલીલ કરવામાં આવે

(D) માત્ર અદાલતની મુનસફી હોય ત્યારે

29. Match List I with List II. Select the *correct* answer using the codes given below the list :

**List I**

(*a*) Breach

(*b*) Damages

(*c*) Hadley *Vs*. Baxendale

(*d*) Specific performance

**List II**

(*i*) Remoteness of damages

(*ii*) Discritionary

(*iii*) Compensatory

(*iv*) Damage

*Codes* :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*iv*) | (*iii*) | (*i*) | (*ii*) |
| (B) | (*ii*) | (*i*) | (*iii*) | (*iv*) |
| (C) | (*iv*) | (*iii*) | (*ii*) | (*i*) |
| (D) | (*iii*) | (*ii*) | (*i*) | (*iv*) |

29. લીસ્ટ I અને લીસ્ટ II ને જોડો. નીચે જણાવેલ કોડનો ઉપયોગ કરીને સાચો જવાબ શોધો :

**List I**

(*a*) ભંગ

(*b*) નુકશાની

(*c*) હેડલી વિ. બક્ષેન્ડલ

(*d*) વિશિષ્ટ પાલન

**List II**

(*i*) નુકશાનની દૂરગામીતા

(*ii*) વિવેકાધિકૃત

(*iii*) ક્ષતિપૂરક

(*iv*) નુકશાન

કોડ :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*iv*) | (*iii*) | (*i*) | (*ii*) |
| (B) | (*ii*) | (*i*) | (*iii*) | (*iv*) |
| (C) | (*iv*) | (*iii*) | (*ii*) | (*i*) |
| (D) | (*iii*) | (*ii*) | (*i*) | (*iv*) |

30. A right to sue on quantum meriut arises :

(A) When a contact is discharged by the other party

(B) When a party fully performed the contract

(C) When a party partly performed the contract and is discharged by the other party

(D) When a contract becomes illegal

30. યથાપરિશ્રમનો દાવાનો હકક ત્યારે ઉત્પન્ન થાય કે :

(A) જ્યારે બીજો પક્ષકાર કરારનો અંત લાવે

(B) જ્યારે પક્ષકાર કરારનું સંપૂર્ણ પાલન કરે

(C) જ્યારે પક્ષકાર કરારનું અંશતઃ પાલન કરે અને બીજો પક્ષકાર કરારનો અંત લાવે

(D) જ્યારે કરાર ગેરકાયદેસરનો બને

31. Consider the following statements about an offer :

(1) Quotation of price is an offer.

(2) A counter-offer terminates the original offer

(3) Acceptance to an offer is like a lighted match to a train of gun powder

Of these statements :

(A) (1), (2) and (3) are correct

(B) (1) and (3) are correct

(C) (2) and (3) are correct

(D) (3) alone is correct

31. દરખાસ્ત બાબતે નીચેના વિધાનોને ધ્યાને લો :

(1) ભાવનું પત્રક એ દરખાસ્ત છે.

(2) વળતી દરખાસ્ત એ મૂળ દરખાસ્તને રદબાતલ બનાવે છે.

(3) દરખાસ્તનો સ્વીકાર એ ગંધકની ગાડીને દિવાસળીનાં સ્પર્શ જેવો છે.

ઉપરોક્ત વિધાનો પૈકી :

(A) (1), (2) અને (3) સાચાં છે

(B) (1) અને (3) સાચાં છે

(C) (2) અને (3) સાચાં છે

(D) ફક્ત (3) સાચું છે

32. For a binding contract, both the parties to the contract must :

(A) Put the offer and counter offers

(B) Agree with each other

(C) Stipulate their individual offer and consideration

(D) Agree upon the same thing in the same sense

33. Liability in tort depends upon :

(A) Involvement of intention

(B) Infringement of legal right

(C) Quantum of damages suffered

(D) Effect on public right

34. Which of the following statement is *correct* ?

(A) An innocent principal is liable for the fraud of his agent

(B) An innocent principal is not liable for the fraud of his agent

(C) An innocent agent is liable for all frauds of his principal

(D) None of the above

32. બંધનકારક કરાર માટે કરારનાં બંને પક્ષકારોએ :

(A) દરખાસ્ત અને વળતી દરખાસ્ત મૂકી હોવી જોઈએ

(B) એકબીજા જોડે સંમત થવું જોઈએ

(C) પોતપોતાની સ્વતંત્ર દરખાસ્ત અને અવેજ અનુબદ્ધ કરવા જોઈએ

(D) એકજ વસ્તુને એકજ અર્થમાં સંમત થવું જોઈએ

33. અપકૃત્યની જવાબદારી ........ ઉપર આધારિત છે.

(A) ઈરાદાની સંડોવણી

(B) કાનુની અધિકારનો ભંગ

(C) નુકશાનીની માત્રા સહન કરવી

(D) જાહેર અધિકારો ઉપર અસર

34. નીચેનામાંથી કયું વિધાન સાચુ છે?

(A) એજન્ટનાં દગા માટે નિર્દોષ મુખ્યકર્તા જવાબદાર છે

(B) એજન્ટનાં દગા માટે નિર્દોષ મુખ્યકર્તા જવાબદાર નથી

(C) પોતાનાં મુખ્યકર્તાનાં તમામ દગા માટે નિર્દોષ એજન્ટ જવાબદાર છે

(D) ઉપરનામાંથી એક પણ નહીં

35. Match List I with List II and select the *correct* answer using the codes given below :

**List I**

(*a*) Damnum sine injuria

(*b*) Injuria sine damnum

(*c*) Inevitable accident

(*d*) Absolute liability

**List II**

(*i*) Ashby *Vs*. White

(*ii*) Stanely *Vs*. Powel

(*iii*) Rylands *Vs*. Fletcher

(*iv*) Gloucester Grammar School

*Codes* :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
| (B) | (*ii*) | (*iii*) | (*iv*) | (*i*) |
| (C) | (*iii*) | (*iv*) | (*i*) | (*ii*) |
| (D) | (*iv*) | (*i*) | (*ii*) | (*iii*) |

35. લીસ્ટ I અને લીસ્ટ II ને જોડો અને નીચે જણાવેલ કોડનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો :

**List I**

(*a*) હાનિ વિનાનું નુકશાન

(*b*) નુકશાન વિનાની હાનિ

(*c*) અનિવાર્ય અકસ્માત

(*d*) નિરપેક્ષ જવાબદારી

**List II**

(*i*) એસ્બી વિ. વ્હાઈટ

(*ii*) સ્ટેન્લી વિ. પોવેલ

(*iii*) રાયલેન્ડ્ઝ વિ. ફ્લેચર

(*iv*) ગ્લાઉસેસ્ટર ગ્રામર સ્કુલ

કોડ :11

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
| (B) | (*ii*) | (*iii*) | (*iv*) | (*i*) |
| (C) | (*iii*) | (*iv*) | (*i*) | (*ii*) |
| (D) | (*iv*) | (*i*) | (*ii*) | (*iii*) |

36. The general remedy in law of tort is :

(A) action for pre-determined damages

(B) action for injunction

(C) specific restitution of property

(D) action for unliquidated damages

36. અપકૃત્યનાં કાયદામાં સામાન્ય ઉપચાર એ :

(A) પૂર્વ–નિર્ધારિત નુકશાનીનો દાવો છે

(B) મનાઈહુકમનો દાવો છે

(C) મિલ્કતની વિશિષ્ટ પુનઃપ્રાપ્તિ

(D) અનિયત નુકશાન વળતરનો દાવો

37. The rule of strict liability :

(A) is without any defence

(B) has act of God as a defence

(C) has contributory negligence as a defence

(D) both (B) and (C)

38. Which of the following statements are *true* ?

(1) If the legislature has authorised the doing of an act, no action can be maintained for that act

(2) An act is not actionable as a tort at the instance of any person who has expressly or impliedly consented to it

(3) The exercise of ordinary rights for a lawful purpose and in a lawful manner is no wrong.

(4) A mistake of fact is no excuse, except in the cases where motive is an essential ingredient constituting the wrong.

*Codes* :

(A) (1), (2), (3) and (4)

(B) (2), (3) and (4)

(C) (1), (2) and (3)

(D) (1) and (2)

37. ચુસ્ત જવાબદારીનાં નિયમનો :

(A) કોઈપણ બચાવ નથી

(B) દૈવીકૃત્ય એ બચાવ છે

(C) સહાયક–ઉપેક્ષા એ બચાવ છે

(D) (B) અને (C) બંને

38. નીચેના પૈકી કયા વિધાન સાચા છે?

(1) જે કાર્ય કરવા માટે કાયદાતંત્ર દ્વારા સત્તા આપવામાં આવી હોય, તે કાર્ય સામે કોઈ પગલા લઈ શકાય નહીં

(2) એવું કાર્ય અપકૃત તરીકે દાવો કરવા યોગ્ય નથી, જો આ કાર્ય માટે બીજી વ્યક્તિની વ્યકત અથવા ગર્ભિત સંમતિથી થયુ હોય

(3) સામાન્ય હકકનો ઉપયોગ કાયદેસર હેતુ માટે અને કાયદેસર રીતે થયો હોય તો તે અપકાર નથી

(4) હકિકતની ભૂલ ક્ષમ્ય નથી, સિવાય કે એવા કિસ્સા કે જેમાં અપકાર માટે હેતુ આવશ્યક તત્વ હોય

કોડ :

(A) (1), (2), (3) અને (4)

(B) (2), (3) અને (4)

(C) (1), (2) અને (3)

(D) (1) અને (2)

39. When in the committing of theft, hurt or wrongful restraint is caused to the person, the offence is .........
(A) decoity
(B) robbery
(C) extortion
(D) theft only

40. A, a small boy was guarding the field, B and C outsiders trespassed and started harvesting, on the protest by A they beat him and on hearing A's cries, R and S, uncles of A, who were working in different directions, rushed in S, fired at the trespassers killing one of them and run away. R was arrested and charged under section 302 of IPC for murder read with section 34. Which of the following statements is *correct* ?
(A) He is not liable because there was no common intention to kill
(B) He is liable for murder because of the same intention of both the brothers
(C) He is liable for murder becuase of the similar intention of both the brothers
(D) He is liable for murder becuase he was present when his brother forced at the trespassers

39. જ્યારે ચોરી કરતી વખતે, કોઈ વ્યક્તિ સાથે વ્યથા અથવા ગેરકાયદેસર અવરોધ કરવામાં આવે, તો આવો ગુનો ........ છે.
(A) ધાડ
(B) લૂંટ
(C) જબરાઈથી કઢાવવું
(D) ફક્ત ચોરી

40. A, નાનો છોકરો ખેતરને સાચવતો હતો, B અને C બહારની અનઅધિકૃત વ્યક્તિઓ ખેતરમાં પ્રવેશી પાકની કાપણી કરે છે. A આનો વિરોધ કરતા તેઓ A મારે છે. A નું રૂદન સાંભળી R અને S જેઓ A ના કાકા જુદી દિશામાં કામ કરતા હતા. તેઓ દોડીને ત્યાં આવે છે. S અનઅધિકૃત પ્રવેશ કરનારા પર ગોળી છોડે છે અને આનાથી અનઅધિકૃત પૈકીનો એક મરી જાય છે. ગોળી છોડનાર દોડી જાય છે. R ની ધરપકડ કરવામાં આવે છે અને તેના પર IPC ની કલમ 302 અને 34 હેઠળ ખૂનનું તહોમત મુકવામાં આવે છે. આ સંદર્ભે નીચે પૈકી કયુ વિધાન સાચુ છે?
(A) તે જવાબદાર નથી, કારણ કે આમાં મારવા માટેનો સંયુક્ત ઈરાદો નથી
(B) તે ખૂન માટે જવાબદાર છે, કારણ કે બંને ભાઈઓનો એકજ ઈરાદો છે
(C) તે ખૂન માટે જવાબદાર છે, કારણ કે બંને ભાઈઓનો સરખો ઈરાદો છે
(D) તે ખૂન માટે જવાબદાર છે, કારણ કે જ્યારે તેના ભાઈએ બિનઅધિકૃત પ્રવેશ કરનાર પર પ્રહાર કર્યો ત્યારે તે હાજર હતો

41. Under section 102 of IPC the right of private defence of the body commences :

(A) as soon as a reasonable apprehension of danger to the body arises and continues even after that apprehension causes

(B) as soon as a reasonable apprehension of danger to the body arises and continues as long as that apprehension continues

(C) only when the assault is actually done and continues after the assailant left

(D) only when the assault is actually done and continues during the period of assault

42. Under Section 149 of I.P.C. if an offence is committed by a member of the unlawful assembly in furtherance of their common object :

(1) Only the person committing the offence shall be guilty of that offence and all shall be guilty of unlawful assembly only.

(2) every person who at that time was a member of that assembly shall be guilty of that offence.

(3) only that person committing the offence shall be guilty and others shall not be guilty of any offence..

Select the *correct* answer using the codes given below :

(A) Either (2) or (3)

(B) Only (2)

(C) Only (3)

(D) Both (1) and (3)

41. IPC ની કલમ 102 અન્વયે શરીર પરત્વેના સ્વરક્ષણના અધિકારની શરૂઆત ........

(A) જેવી શરીરને ભયની દહેશત ઉત્પન્ન થાય ત્યારે, અને આવી દહેશતનો અંત આવે પછી પણ

(B) જેવી શરીરને ભયની દહેશત ઉત્પન્ન થાય અને આવી દહેશત ચાલુ રહે ત્યાં સુધી

(C) જયારે ખરેખર હુમલો થયો હોય અને હુમળાખોર નાસી જાય પછી પણ

(D) જયારે ખરેખર હુમલો થયો હોય અને જયાં સુધી હુમલો ચાલુ રહે ત્યાં સુધી

42. IPC ની કલમ 149 અન્વયે જયારે ગેરકાયદેસર મંડળીનો કોઈ સભ્ય તેમના સંયુકત ઈરાદાને પાર પાડવા ગુનો કરે તો :

(1) ગુના માટે ફક્ત જે વ્યકિત ગુનો કરે છે તે જવાબદાર છે અને બાકીના સભ્યો ફક્ત ગેરકાયદેસર મંડળી માટે જવાબદાર છે

(2) દરેક વ્યકિત કે જેઓ એ ગુનાના સમયે આવી મંડળીના સભ્ય હોય તેઓ ગુના માટે જવાબદાર છે

(3) ફકત જે વ્યકિતએ ગુનો કર્યો છે તે જવાબદાર છે અને બાકીના કોઈ ગુના માટે જવાબદાર નથી

નીચેના કોડનો ઉપયોગ કરી સાચો જવાબ શોધો :

(A) કાં તો (2) અથવા (3)

(B) ફકત (2)

(C) ફકત (3)

(D) બંને (1) અને (3)

43. A inserts his hand into the pocket of B, he finds the pocket to be empty. A is guilty of ..........

(A) theft

(B) mischief

(C) attempt to commit theft

(D) no offence as the pocket was empty

44. **Assertion (A)** : Crime is punishable because it is provided in the law.

**Reason (R)** : Crime is revolting to the moral sense of society.

(A) Both (A) and (R) are true but (R) is not a correct explanation of (A)

(B) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(C) (A) is false but (R) is true

(D) (A) is true but (R) is false

43. A પોતાના હાથ B ના ખિસ્સામાં નાંખે છે પણ ખિસ્સુ ખાલી મળે છે A .......... ગુના માટે જવાબદાર છે.

(A) ચોરી

(B) અનિષ્ટ અથવા ઉપદ્રવ

(C) ચોરી કરવાનો પ્રયત્ન

(D) કોઈ ગુનો નથી કારણ કે ખિસ્સુ ખાલી હતું

44. **નિશ્ચય કથન (A) :** ગુનો સજાને પાત્ર છે કારણ કે કાયદામાં એવી જોગવાઈ છે.

**કારણ (R) :** ગુનો એ સમાજની નૈકિતાના ખ્યાલ સામેનો બળવો છે.

(A) બંને (A) અને (R) સાચા છે પણ (R) એ (A) ની સાચી સમજૂતી નથી

(B) બંને (A) અને (R) સાચા છે અને (R) એ (A) ની સાચી સમજૂતી છે

(C) (A) ખોટું છે પણ (R) સાચુ છે

(D) (A) સાચુ છે પણ (R) ખોટું છે

45. Read Assertion (A) and Reason (R) using codes given below, select *correct* answer :

**Assertion (A) :** Strike is stoppage of work by workers to press management to meet their demands.

**Reason (R) :** Every worker has fundamental right to go on strike.

*Codes* :

(A) (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) (A) and (R) are true, but (R) is not the correct explanation of (A)

(C) (A) is true but (R) is false

(D) (A) and (R) are false

46. The verdict of the labour court under the Industrial Dispute Act is described as :

(A) Judgement

(B) Decree

(C) Award

(D) Order

45. નિશ્ચય કથન (A) અને કારણ (R) વાંચો અને નીચેના કોડનો ઉપયોગ કરી સાચો જવાબ શોધો :

**નિશ્ચય કથન (A) :** હડતાલ એ કામદારો દ્વારા કાર્યબંધી છે, જેના દબાણથી માલીક તેઓની માંગણી સંતોષે.

**કારણ (R) :** દરેક કર્મચારીને હડતાલ પર જવાનો મૂળભૂત અધિકાર છે.

કોડ :

(A) (A) અને (R) સાચા છે અને (R) એ (A) ની સાચી સમજૂતી છે

(B) (A) અને (R) સાચા છે પણ (R) એ (A) ની સાચી સમજૂતી નથી

(C) (A) સાચુ છે પણ (R) ખોટું છે

(D) (A) અને (R) ખોટાં છે

46. ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ હેઠળ મજૂર અદાલતે આપેલા નિર્ણયો ...... તરીકે ઓળખાય છે.

(A) ચૂકાદો

(B) હુકમનામુ

(C) એવોર્ડ

(D) હુકમ

47. Match the following :

**List I**

(*a*) Industry

(*b*) Strike

(*c*) Continuous service

(*d*) Appropriate Government

**List II**

(*i*) Air India Statutory Corporation *Vs.* United Labour Union

(*ii*) Management of standard motors products of India Ltd. *Vs*. Shri A. Parthasarathy

(*iii*) Bangalore water supply and sewerage Board *Vs*. A. Rajappa

(*iv*) T.S. Kelawala and others

*Codes* :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*ii*) | (*i*) | (*iv*) | (*iii*) |
| (B) | (*i*) | (*ii*) | (*iv*) | (*iii*) |
| (C) | (*iii*) | (*iv*) | (*ii*) | (*i*) |
| (D) | (*ii*) | (*iv*) | (*i*) | (*ii*) |

47. નીચેના જોડકા જોડો :

**List I**

(*a*) ઈન્ડસ્ટ્રીઝ

(*b*) હડતાળ

(*c*) સતત સેવા

(*d*) યોગ્ય સરકાર

**List II**

(*i*) એયર ઈન્ડીયા સ્ટેચ્યુટરી કોર્પોરેશન વિ. યુનાઈટેડ લેબર યુનિયન

(*ii*) મેનેજમેન્ટ ઓફ સ્ટાન્ડર્ડ મોટર પ્રોડકટસ ઓફ ઈન્ડીયા લીમીટેડ વિ. શ્રી એ. પાર્થસારથી

(*iii*) બેંગ્લોર વોટર સપ્લાય એન્ડ સીવરેજ બોર્ડ વિ. એ. રાજપ્પા

(*iv*) ટી.એસ. કેલાવાલા એન્ડ અધર્સ

કોડ :

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*ii*) | (*i*) | (*iv*) | (*iii*) |
| (B) | (*i*) | (*ii*) | (*iv*) | (*iii*) |
| (C) | (*iii*) | (*iv*) | (*ii*) | (*i*) |
| (D) | (*ii*) | (*iv*) | (*i*) | (*ii*) |

48. Collective bargaining serves one of the following purposes :

(A) Regulating wages and other conditions of services

(B) Preventing strikes in public utility services

(C) Regulating labour management relations

(D) Preventing unfair labour practices

49. In which of the following, the members of the trade union can claim immunity in criminal cases ?

(A) The combination of two or more members of a registered trade union act with an intention to create loss or damage to the properties of the employer

(B) The trade union office bearers, in exercise of the managerial powers direct the workers from abstaining to do the work for personal reasons

(C) The combination of two or more members of a registered trade union act in furtherance of a trade dispute

(D) The members of a trade union act in combination with an intention to coerce the employer to aceed to their unlawful demands

48. સામૂહિક સોદાબાજી એ નીચેના પૈકી કયો હેતુ સિદ્ધ કરે છે :

(A) વેતન અને સેવાની અન્ય શરતોનું નિયમન કરવા

(B) જાહેર ઉપયોગી સેવાના એકમોમાં હડતાળને રોકવા

(C) કામદાર અને માલિક વચ્ચેના સંબંધોનું નિયમન

(D) અયોગ્ય વ્યાપાર રીત–રસમને રોકવા

49. નીચેના પૈકી ........ મજૂર સંઘના સભ્યો ફોજદારી કેસમાં મુક્તિ માંગી શકે.

(A) માલિકની મિલકતોને નુકશાન કરવાના ઈરાદાથી બે અથવા તેથી વધુ નોંધાયેલા મજૂર સંઘના સભ્યોના સંયુક્ત કાર્ય

(B) મજૂર સંઘના હોદ્દેદારો દ્વારા, સંચાલિકીય સત્તાઓને ઉપયોગ કરી મજૂરનો વ્યક્તિગત કારણસર કાર્ય કરતા અટકાવવાનો આદેશ

(C) વેપારી તકરારને આગળ વધારવા માટે બે અથવા તેથી વધુ નોંધાયેલા મજૂરસંઘના સભ્યોના સંયુક્ત કાર્ય

(D) પોતાની ગેરકાયદેસર માંગણીઓને સંતોષવા માલીકને ફરજ પાડવાના હેતુ ધરાવતુ મજૂર સંઘના સભ્યોનું કાર્ય

50. In order to claim wages for the period of strike, the strike should be legal as well as justified. This was laid down in one of the following case by the apex court :

(A) Ballarpur Collieries *Vs.* C.G.I.T. Dhanbad

(B) Crompton Greaves *Vs.* The Workmen

(C) Workmen of Motor Industries Co. Ltd. *Vs.* Management of Motor Industries Co. Ltd.

(D) Management of India Radiators Ltd. and another *Vs.* Presiding officer and another

50. હડતાળ સમયના વેતન મેળવવાના હકક માટે, હડતાળ કાયદેસર તેમજ વાજબી હોવી જોઈએ. નીચેના પૈકી કયા કેસમાં સુપ્રિમ કોર્ટે આ પ્રસ્થાપિત કર્યું :

(A) બેલારપુર કોલરીઝ વિ. સી.જી.આઈ.ટી. ધનબાદ

(B) ક્રોમ્પટન ગ્રીવ્સ વિ. ધી વર્કમેન

(C) વર્કમેન ઓફ મોટર ઈન્ડસ્ટ્રીઝ કં લીમીટેડ વિ. મેનેજમેન્ટ ઓફ મોટર ઈન્ડસ્ટ્રીઝ કં લીમીટેડ

(D) મેનેજમેન્ટ ઓફ ઈન્ડીયા રેડિએટર્સ લીમીટેડ એન્ડ અધર્સ વિ. પ્રિસાઈડીંગ ઓફિસર એન્ડ અધર્સ

## ROUGH WORK

SEAL